RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર


# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 63, Dt.24-05-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાજ્યમાં ગરમી રાતે પણ તોબા કરાવશે!



## અમદાવાદ દેશનું ૮મું સૌથી ગરમ શહેર બન્યુંઃ સવારથી જ પરસેવો છોડાવતી ગરમીઃ સૂર્યાસ્ત બાદ પણ ગરમ પવન અકળાવશેઃ સૌરાષ્ટ્ર–કચ્છમાં આગ ઓકતુ આકાશ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતના હવામાન વિભાગ દ્વારા અગાઉથી જ મે મહિનાના છેલ્લા સપ્તાહમા અંગ દઝાડતી ગરમીની આગાહી વ્યક્ત કરવામાં આવી હતી. જેને પગલે હાલમાં ગુજરાત રાજ્ય અગનભઠ્ઠી બન્યું છે અને ગુજરાતવાસીઓ ભઠ્ઠીમાં શેકાઇ રહ્યા હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. તેમાં પણ ખાસ કરીને અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં હવામાન વિભાગ દ્વારા રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જે બાદ ગઈકાલે અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ૪૬.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું. જ્યારે ગાંધીનગરનું મહત્તમ તાપમાન ૪૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આથી અમદાવાદ દેશનું ૮મું સૌથી ગરમ શહેર બન્યું છે. આજે પણ સવારથી પરસેવો છોડાવતી ગરમી પડી રહી છે. સવારના ૧૦થી ૧૧ વાગ્યા સુધીમાં એટલે કે એક કલાકમાં જ ૩ ડિગ્રી તાપમાન વધી ગયું છે. જ્યારે સૂર્યાસ્ત બાદ ચામડી દઝાડતી ગરમી અકળાવશે.

હવામાન વિશેષજ્ઞ અંકિત પટેલ જણાવે છે કે, ૨૩ મે ગુરુવારના રોજ અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૬.૬ ડિગ્રીએ પહોંચતાં ૧૩૧ વર્ષોમાં પાંચમુ અને ગુરુવારે રાજ્યનું પ્રથમ ક્રમનું તેમજ દેશનું આઠમા ક્રમનું સૌથી ગરમ શહેર બન્યુ છે. અમદાવાદમાં ૨૦ મે ૨૦૧૬ના રોજ ઓલ ટાઇમ રેકોર્ડબ્રેક મહત્તમ તાપમાન નોંધાયુ હતું. એ પહેલાં ૧૯૫૫માં ૪૬.૬ ડિગ્રી, ૧૯૭૦માં ૪૭.૫ ડિગ્રી તથા ૨૦૧૦માં ૪૬.૮ ડિગ્રી નોંધાઈ હતી. એ પછી ૨૩ મે ૨૦૨૪ના રોજ રેકોર્ડબ્રેક તાપમાન નોંધાયું છે.

જ્યારે આજે પણ આ બંને શહેરોમાં મહત્તમ તાપમાન ૪૬ ડિગ્રી સેલ્શિયસ કરતાં વધુ રહેવાની શક્યતાઓ છે. પરંતુ ગઈકાલે રાત્રે અમદાવાદ શહેરનું લઘુતમ તાપમાન ૨૯.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતુ એટલે કે, દિવસ દરમિયાન ગરમીમાં શેકાયા બાદ રાત્રિ તાપમાન ઓછું થતા ગરમીથી થોડા અંશે રાહત મળી હતી. પરંતુ રાત્રિ દરમિયાન ગરમ પવનો ફૂંકાવાને કારણે ઠંડકનો અહેસાસ થઈ શક્યો નહોતો.

આજે પણ હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓને બાદ કરતાં સમગ્ર ગુજરાત રાજ્યમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત મધ્ય ગુજરાતનાં બે શહેરોમાં એટલે કે અમદાવાદ અને ગાંધીનગરમાં રેડ એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત દરિયાકાંઠાના વિસ્તારમાં ડિસ્કમ્ફર્ટનો અનુભવ રહેશે.

## અંબાલા–દિલ્હી હાઈ–વે પર ભીષણ અકસ્માતઃ વૈષ્ણોદેવી જતા ૭ યાત્રાળુઓના મોત

**મુખ્ય સમાચાર, ઉત્તરપ્રદેશ**

ઉત્તર પ્રદેશના બુલંદશહેરથી વૈષ્ણોદેવીના દર્શન માટે જઈ રહેલા પરિવારને લઈને જતી ટ્રાવેલર ટ્રોલી અથડાઈ હતી. આ દુર્ઘટના અંબાલા-દિલ્હી હાઈવે પર મોહરા પાસે રાત્રે લગભગ ૨ વાગ્યે થઈ હતી. ટ્રાવેલરમાં કુલ ૨૬ લોકો સવાર હતા. તેમાંથી છ મહિનાની બાળકી સહિત છના મોત થયા છે અને ૨૦ લોકો ઘાયલ થયા છે.



અકસ્માત એટલો દર્દનાક હતો કે ટ્રાવેલરનો એક ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો અને ઘાયલો હાઈવે પર જ્યાં ત્યાં પડીયા હતા. આ અકસ્માતમાં છ શ્રદ્ધાળુઓના મોત થયા હતા. જ્યારે ૨૦ ઘાયલ થયા હતા. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મૃતકોમાં છ મહિનાની બાળકી અને એક કપલનો પણ સમાવેશ થાય છે.

મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોર્ચરીમાં રાખવામાં આવ્યા હતા. મોહરા પોલીસે આ કેસની તપાસ શરૂ કરી છે. સ્થળ પર ઈજાગ્રસ્ત ધીરજે માહિતી આપતાં જણાવ્યું કે તે ૨૩મી મેની સાંજે વૈષ્ણોદેવી જવા નીકળ્યો હતો અને બધા એક જ પરિવારના હતા. મોહડા પાસે પહોંચતા જ અચાનક ટ્રોલીની સામે એક વાહન આવ્યું. જેવી ટ્રોલીએ બ્રેક લગાવી કે તરત જ તેનો પ્રવાસી કાબૂ બહાર ગયો અને તેની સાથે અથડાઈ ગયો.

વિનોદ (૫૨), રહેવાસી, જાખોલી, સોનીપત, મનોજ (૪૨) અને ગુડ્ડી, બુલંદશહર કકૌર, યુપી, હસનપુર, યુપીના રહેવાસી વૃદ્ધ મહેર ચંદ, કકૌર, યુપીના રહેવાસી સતબીર (૬ મહિના), દીપ્તિ (છ મહિના). ) મૃત્યુ પામ્યા છે. હજુ પણ કેટલાક ઘાયલોની હાલત નાજુક છે.

## ૬.૮૦ લાખ મોબાઈલ જોડાણની ફેરચકાસણી કરવાનો આદેશ

### ૬૦ દિવસમાં ખરાઈની કાર્યવાહી પૂર્ણ કરવા ટેલિકોમ કંપનીઓને સરકારની સુચના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બનાવટી નામો-દસ્તાવેજોના આધારે મોબાઈલ સીમકાર્ડ મેળવીને ગુનાહિત-દેશવિરોધી પ્રવૃતિમાં તેનો ઉપયોગ કરાયાના કિસ્સા બાદ સમગ્ર પ્રક્રિયા અતિ કડક બનાવાયા વચ્ચે હવે સરકારે ૬.૮૦ લાખ મોબાઈલ જોડાણની ફેરચકાસણી કરવાનો આદેશ આપ્યો છે. આ કનેકશન બનાવટી દસ્તાવેજોથી મેળવાયા હોવાની શંકા છે. ઓનલાઈન ફ્રોડ રોકવાની ઝુંબેશના ભાગરૂપે આ કદમ ઉઠાવવામાં આવ્યું છે.



ટેલીકોમ વિભાગ દ્વારા એમ કહેવાયુ છે કે, ફેર ખરાઈની પ્રક્રિયા ૬૦ દિવસમાં પૂર્ણ કરવા કહેવાયુ છે. બોગસ દસ્તાવેજો કે છેતરપીંડીથી આ સિમકાર્ડ નંબર મેળવવામાં આવ્યા હોવાનુ માલુમ પડશે તે તુર્ત રદ કરી નાખવામાં આવશે. ૬.૮૦ લાખ મોબાઈલ કનેકશન શંકાસ્પદ છે અને બોગસ દસ્તાવેજો કે વાસ્તવિક ઓળખ છુપાવીને મેળવાયા હોવાની શંકા છે.

ટેલીકોમ મંત્રાલય દ્વારા તમામ મોબાઈલ કંપનીઓને તાત્કાલીક ધોરણે રી-વેરીફીકિશનની કામગીરી હાથ ધરવાની સુચના આપી છે. ૬૦ દિવસમાં મોબાઈલ નંબરગ્રાહકોની ઓળખ મેળવવા કહેવાયુ છે. ખરાઈ શકય ન બન્યાના સંજોગોમાં આ નંબરો-જોડાણ કાપી નાખવામાં આવશે.''

બોગસ દસ્તાવેજો કે બનાવટી રીતે લેવાયેલા મોબાઈલ કનેકશન પકડવા માટે સંચાર સાથી- ચક્ષુ જેવા મોડયુલમાં આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઓનલાઈન ફ્રોડ રોકવા માટે કેન્દ્ર સરકાર વિવિધ મંત્રાલયો વચ્ચે સંકલીત કાર્યવાહી કરાવી રહી છે.

ટેલીકોમ વિભાગના કહેવા પ્રમાણે વિવિધ વિભાગો વચ્ચે સંકલન તથા આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સનો ઉપયોગ બનાવટી મોબાઈલ કનેકશન પકડવામાં મહત્વનો રોલ ભજવી શકે છે. સાઈબર ક્રાઈમ તથા નાણાંકીય ફ્રોડમાં ટેલીકોમ સ્ત્રોતોના ગેર ઉપયોગને રોકવા માટે કેટલાંક મહિનાઓથી સરકારે ડીજીટલ ઈન્ટેલીજન્સ પ્લેટફોર્મ લોન્ચ કર્યુ જ છે.

સંબંધીત પક્ષકારો વચ્ચે સંકલન સાધવામાં આવ્યું છે. ટેલીકોમ વિભાગ દ્વારા જ ડીજીટલ ઈન્ટેલીજન્સ પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યું હતું. ટેલીકોમ ઉપરાંત સુરક્ષા એજન્સીઓ, બેંકો-નાણાં સંસ્થાઓ તથા સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ અને ઓળખ સ્થાપિત કરતી એજન્સીઓને પણ સામેલ કરવામાં આવી છે.

તમામ એજન્સીઓ આ પ્લેટફોર્મને એસેસ કરી શકે છે અને શંકાસ્પદ બાબતો વિશે એકબીજાને માહિતી આપી શકે છે. સામાન્ય નાગરિકો આ પ્લેટફોર્મ એસેસ કરી શકતા નથી.

## ગુજરાતમાં ૮ થી ૧૪ જૂન દરમિયાન મેઘરાજાની એન્ટ્રી થશેઃ માસાંતથી અરબી સમુદ્રમાં હલચલ દેખાશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતના મોટાભાગના મેટ્રો શહેરોમાં ગરમીનો પારે ૪૪ ડિગ્રીને પાર પહોંચી ચૂક્યો છે. કાળઝાળ ગરમીના કારણે હીટ સ્ટ્રોક અને લૂ લાગવાથી તબિયત લથડવાના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. રાજ્યના અલગ-અલગ ભાગોમાં ભીષણ ગરમીથી ૨૦ લોકોના મોત થયા છે.



હીટવેવને પગલે લોકો ખરા બપોરે ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યાં છે. ગરમીથી ત્રસ્ત રાજ્યના લોકો ચોમાસાની રાહ જોઈ રહ્યાં છે, ત્યારે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આજે ચોમાસાને લઈને મોટી આગાહી કરી છે.


અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ, આ મે મહિનાના અંત અને જૂન મહિનાની શરૂઆતમાં અરબ સાગરમાં હલચલ જોવા મળશે. આગામી ૮ જૂનથી દરિયામાં પવનની ગતિ બદલાશે. જેથી ૮ થી ૧૪ જૂનની વચ્ચે ચોમાસું વરસાદની શક્યતા રહેશે. જે બાદ ૨૮ જૂન સુધી રાજ્યના વિવિધ ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડશે. આ વર્ષે જુલાઈ-ઓગસ્ટમાં પણ ભારે વરસાદ રહેશે, જેના કારણે રાજ્યની નર્મદા, તાપી અને સાબરમતી સહિત નદીનું જળસ્તર વધશે.અગાઉ હવામાન વિભાગ દ્વારા નૈઋત્યનું ચોમાસું આગામી ૩૧ મે સુધીમાં કેરળ સુધી પહોંચશે તેવી આગાહી કરવામાં આવી હતી. સામાન્ય રીતે કેરળમાં ૧ જૂનની આસપાસ મોટાભાગે ચોમાસાનું આગમન થતું હોય છે.

જો કે ગત વર્ષે ૮ જૂનના રોજ ચોમાસું કેરળ પહોંચ્યું હતુ. આમ આ વર્ષે કેરળમાં ચોમાસાનું આગમન વહેલુ થાય તેમ લાગી રહ્યું છે. જે બાદ ચોમાસું ઉત્તર તરફ આગળ વધતાં ૧૯ થી ૩૦ જૂન વચ્ચે ગુજરાતમાં વિધિવત ચોમાસાનું આગમન થઈ શકે છે.

## જો કોઈ તાઈવાનનું સમર્થન કરશે તો તેનું અમે માથુ ફોડી નાંખશુઃ ચીને આપી ખુલ્લી ધમકી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દુનિયાભરના તજજ્ઞો માને છે કે ચીન તાઇવાન ઉપર કબજો જમાવવાની પૂરી તૈયારી કરી રહ્યું છે. તે ગમે ત્યારે તેવો પ્રયત્ન કરી શકે તેમ છે. ચીન સતત તાઇવાનની ફ્રન્ટપોઝિશન અને ચીની તટ આસપાસ રહેલાં તાઇવાની પોસ્ટ પર હુમલા કરી જ રહ્યું છે. તે તાઇવાન ઉપર કબજો જમાવવાની ધમકી આપી રહ્યું છે. આથી તજજ્ઞો ભીતિ સેવે છે કે ત્રણેક વર્ષમાં જ ચીન અને અમેરિકા વચ્ચે યુદ્ધ ફાટી નીકળશે, જેના પગલે ત્રીજું વિશ્વયુદ્ધ શરૂ થઈ શકે છે. આ વચ્ચે ચીને ગુરૂવારે આખી દુનિયાને ધમકી આપી છે. ચીને કહ્યું કે, તાઇવાનની સ્વતંત્રતાનું સમર્થન કરનારાઓનું 'માથું ફોડી નાખવામાં આવશે અને લોહી વહેશે.' સ્વ-શાસિત ટાપુની આસપાસ તેના સૈન્ય અભ્યાસનો ઉદ્દેશ્ય 'ગંભીર ચેતવણી' આપવાનો છે. તાઇવાનની નૌસેનાએ ચીનના યુદ્ધાભ્યાસનું ચિત્ર શેર કર્યું છે.



હાલમાં જ તાઇવાનના નવા રાષ્ટ્રપતિ લાઈ ચિંગે પદના શપથ લીધા છે, આ દરમિયાન તેમણે પોતાના ૩૦ મિનિટના ભાષણમાં ચીનને આકરી ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે, ચીન હવે તાઇવાનને ધમકાવવાનું બંધ કરી દે. તેમણે તાઇવાન સમુદ્રધુનિમાં શાંતિ બનાવી રાખવાની વાત કરી હતી અને તાઇવાનમાં લોકશાહીની રક્ષા કરવાના સોગંદ ખાધા હતા, ત્યારબાદથી ચીન ગુસ્સે ભરાયું છે.

અત્રઙના રિપોર્ટ અનુસાર, તાઇવાન કોસ્ટ ગાર્ડે ઉત્તર તાઇવાનના કિનારાથી દૂર પેંગજિયા દ્વીપના ઉત્તર-પશ્ચિમનું એક ચિત્ર શેર કર્યું છે, જેમાં ચીનનું સૈન્ય જહાજ નજરે પડી રહ્યું છે. અત્રઙએ જણાવ્યું કે, ચીને યુદ્ધ અભ્યાસ હેઠળ નૌસેનાના જહાજો અને સૈન્ય વિમાનોથી તાઇવાનને ઘેરી લીધું, જેનો ઉદ્દેશ્ય સ્વ-શાસિત દ્વીપને સજા કરવાનો હતો. કારણ કે તાઇવાનના નવા રાષ્ટ્રપતિએ લોકશાહીની રક્ષા કરવાના સોગંદ ખાધા હતા.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા વાંગ વેનબિને તાઇવાન દ્વીપની ચોતરફ ચીની સૈન્ય અભ્યાસને 'ગંભીર ચેતવણી' ગણાવી છે. તેમણે કહ્યું કે, ચીન જ્યારે તાઇવાનને સમગ્ર રીતે પોતાના કબજામાં લેશે તો તાઇવાનની સ્વતંત્રતાની માંગ કરનારાઓનું માથું ફોડી નખાશે. આ દરમિયાન ચોતરફ માત્ર લોહી વહેશે.

જોકે, ચીન હંમેશાથી તાઇવાનને ચીનનો હિસ્સો માને છે. ચીન તાઇવાનને ક્યારે અલગ રાષ્ટ્રની માન્યતા નથી આપવા માંગતું. બીજી તરફ તાઇવાનના લોકો ઇચ્છે છે કે ચીન તેના પર પોતાના અધિકાર લગાવવાનું બંધ કરી દે. હવે ચીને નામ લીધા વગર આખી દુનિયાને ધમકી આપી છે.

## મોરબી રોડ પર આર્યન એવન્યુમાં ફલેટ અને દુકાન આપવાના બહાને રૂ.૩.૨૬ કરોડની ઠગાઈ કરનાર દંપતિ ઝબ્બે

### સામાકાંઠે રહેતા બિલ્ડરને દંપતીએ વિશ્વાસમાં લઈ ખોટા ડોક્યુમેન્ટ બનાવી છેતરપિંડી કરતા બી–ડિવિઝન પોલીસે ધરપકડ કરી વધુ તપાસ આદરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામાકાંઠે મોરબી રોડ પર સેટેલાઈટ ચોક પાસે આર્યન એવન્યુ નામની બાંધકામ સાઈડ પર દુકાનો અને ફ્લેટ આપવાના બહાને બિલ્ડર સાથે દંપતીએ રૂ.૩.૨૬ કરોડની ઠગાઈ કરતા બી-ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાયા બાદ પોલીસે ગણતરીની કલાકોમાં ઠગ દંપતિને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આ અંગેની માહિતી મુજબ શહેરના સામાકાંઠે મોરબી રોડ પર સેટેલાઈટ ચોક પાસે આવેલ મહેશ્વરી પાર્કમાં રહેતા અને બંધુલીલાડે વલોપમેન્ટ નામે બાંધકામનો વ્યવસાય કરતા અર્જનભાઈ ભગવાનજીભાઈ મઠીયા નામના આહીર યુવાને મોરબી રોડ વ્રજભૂમિ સોસાયટી રહેતા સંજયલાલજી ડોબરીયા અને તેના પત્ની જ્યોત્સના સંજય ડોબરીયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, આ દંપતીએ પૂર્વ આયોજીત કાવતરૂ રચી યુવાન અને તેની માતાને વિશ્વાસમાં લઈ મોરબી રોડ પર આર્યન ડેવલોપર્સ ભાગીદારી પેઢીના આર્યન એવન્યુનામના ચાલતા કોમ્પ્લેક્ષના પ્રોજેક્ટ બાબતે ખોટી હકીકત જણાવી વિશ્વાસમાં લઈ પ્રોજેક્ટમાં રોકાણ કરાવવાની લાલચ આપી આ આર્યન એવન્યુ પ્રોજેક્ટમાં સંજય ડોબરીયા અને તેની પત્ની જ્યોત્સનાની કોઈ સ્વતંત્ર મીલક્ત ન હોવા છતા ફ્લેટ અને દુકાનોમાં રોકાણ કરવાના બહાને આહીર યુવાન અને તેની માતા પાસેથી રૂ.૩.૨૬ કરોડની રકમ મેળવી બદલામાં આ બંને શખ્સોએ પોતાને કોઈ સત્તા ન હોવા છતા નોટરીરાઈસ ચૂક્તે અવેજની પહોંચ આપી પ્રોમેસરી નોટ, સમજુતી કરાર સહિતના બનાવટી દસ્તાવેજો બનાવી આ દંપતીએ રૂ.૩.૨૬ કરોડની રકમ આર્યન ડેવલપર્સ ભાગીદારી પેઢીમાં જમા ન કરાવી ફ્લેટ અને દુકાનોનો કબજો નહીં સોંપી આ માતબર રકમ હડપ કરી જઈ છેતરપિંડી કરી વિશ્વાસઘાત કરતા બી-ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી જેના પગલે પોલીસે મોરબી રોડ પર વ્રજભૂમિ સોસાયટીમાં રહેતો ઠગ સંજય લાલજી ડોબરિયા અને તેની પત્ની જ્યોત્સનાની પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## નાના મૌવાના ભીમનગર સર્કલ પાસે પ્રૌઢની લાશ મળીઃહત્યાની આશંકા

### અવધ રોડ પર આવેલ આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા પ્રૌઢ ખરીદી કરવા આવ્યા હોય અજાણ્યા શખ્સે ઝપાઝપી કરતા પડી ગયા બાદ મોત નિપજ્યુંઃપોલીસે ઘટના સ્થળે દોડી વધુ તપાસ હાથ ધરી





(તસ્વીરઃ આનંદ જાવિયા)



**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે નાના મૌવા ગામ પાસે આવેલ ભીમનગર સર્કલ નજીક માર્કેટમાં પ્રૌઢની લાશ મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી છે. બનાવના પગલે તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી જઈ બનાવ હત્યાનો છે કે, અન્ય કોઈ કારણ તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે.

આ અંગેની પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેરના કાલાવડ રોડ પર અવધના ઢાળિયે આવેલ આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા શાંતિભાઈ પોપટભાઈ આંબલિયા નામના પ્રૌઢ આજે બપોરના સમયે જડુસ હોટલથી નાના મોવા ગામ તરફ જવાના રસ્તે ભીમનગર સર્કલ પાસે આવેલ માર્કેટમાં હતા ત્યારે કોઈની સાથે ઝપાઝપી થયા બાદ પ્રૌઢ નીચે પડી જતા તેનું મોત નિપજ્યું હોવાની જાણ પોલીસને કરવામાં આવતા તાલુકા પોલીસના પીઆઈ ડી.એમ.હરીપરા સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસે લાશને પીએમ અર્થે ખસેડી તપાસ શરૂ કરી હતી. વધુમાં જાણવા મળ્યું હતું કે આસપાસના દુકાનદારોની પૂછપરછ કરવામાં આવી હતી. ત્યારે લોકોએ જણાવ્યું હતું કે આ પ્રૌઢ ખરીદી કરવા આવ્યા હોય અન્ય કોઈ ખરીદી કરવા આવેલા લોકો સાથે ઝપાઝપી થઈ હતી. અને પડી ગયા બાદ તેઓ બેભાન હાલતમાં મૃત્યુ પામ્યા હતા બનાવની નજીક એક એક્ટીવા બિનવાસી મળી આવતા પોલીસે એક્ટીવા નંબરના આધારે અને જુદી જુદી દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# હળવદના માનગઢ નજીક ખનીજનું ખનન કરતાં શખ્સો પર પોલીસની કાર્યવાહી





**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ તાલુકાના માનગઢ ગામ નજીક ખનીજનું ખનન કરતા શખ્સો પર હળવદ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.જેમા એક હિટાચી મશીન તેમજ એક ટ્રકને ઝડપી લઇ હળવદ પોલીસ મથકે લઇ આવી ખનીજ વિભાગને જાણ કરી તજવીજ હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ હળવદ પંથકમાં થતી ખનીજ ચોરી અટકાવવા અનેકવાર સ્થાનિકથી માંડી ગાંધીનગર સુધીની ટીમોએ કાર્યવાહી કરી છે તેમ છતાં પણ ખનીજ ચોરી બંધ નથી થઈ તે વાત હકીકત છે. તેવામાં ગઈકાલે માનગઢ ગામ નજીક રેતી ચોરી કરતા શખ્સો પર હળવદ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.જેમાં એક હુન્ડાઈ કંપનીનું આર-૧૪૦-એલસી-૯ મોડેલનુ નંબર પ્લેટ વગરનુ હિટાચી તેમજ એક ટ્રક (પાટલો) જીજે-૧૨-વાય-૯૮૮૩ને ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસ દ્વારા બંને વાહનો કબ્જે કરી પોલીસ મથકે લઈ આવી કાયદેસરની કાર્યવાહી કરવા મોરબી ખનીજ વિભાગને જાણ કરવામાં આવી છે.

# હળવદના સુંદરીભવાની ગામે ફાયરક્લેની ખનીજ ચોરી પકડાઈ

## મોરબી ખાણ ખનીજ વિભાગ દ્વારા આશરે ૧ કરોડના વાહનો જપ્ત કર્યા

**મુખ્ય સમાચાર, હળવદ**

મોરબી ખાણ ખનીજ વિભાગ દ્વારા હળવદના સુંદરીભવાની ગામ ખાતે દરોડો પાડી ગેરકાયદેસર રીતે ફાયર ક્લેનું ખાણકામ કરી તેનું વહન કરતા એક એક્સકેવેટર મશીન તથા બે ડમ્પરો ઝડપી લેવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં એક્સકેવેટર મશીનના માલીક દ્વારા આ ખનીજ ચોરી કરવામાં આવતું હોવાનું સામે આવતા હાલ અંદાજે ૧ કરોડના મશીન અને વાહનો સીઝ કરી નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી છે.



મોરબી ખાણ ખનીજ વિભાગના ભુસ્તરશાત્રી જે.એસ.વાઢેર અને તેમની ટીમ દ્વારા હળવદ તાલુકાના સુંદરીભવાની ગામે બાતમીને આધારે રેઇડ કરી સાની કંપનીના એક્સકેવેટર મશીન અને બે ડમ્પરથી ફાયર કલે ખનીજના ગેરકાયદેસર ખાણકામ કરી વહન બદલ પકડી પાડ્યા હતા. પ્રાથમિક તપાસમાં આ ફાયર ક્લે ખનીજ ખોદકામ કરવાનું કામ સુંદરીભવાની ગામનો એક ઈસમ ધરમશીભાઈ દામજીભાઇ સોલંકી મશીનના મલિક દ્વારા કરવામાં આવતું હોવાનું બહાર આવ્યું છે. ત્યારે ફાયર ક્લેનું ગેરકાયદેસર ખોદકામ કરવા બદલ સાની કંપનીનું એક્સકેવેટર મશીન તથા બે ડમ્પર રજી.નં.જીજે-૩૬-એક્સ-૯૯૬૯ તથા બીજું ડમ્પર જીજે-૩૬-એક્સ-૪૨૩૪ ને સીઝ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હેતુ હળવદ પોલીસ મથક ખાતે પહોંચાડવામાં આવેલ છે.

# હળવદ નગરપાલિકાના હંગામી કર્મચારી દ્વારા સેનેટરી ઈન્સ્પેક્ટર અને ફાયર ઓફિસર સાથે બીભત્સ વર્તન કરતા છુટા કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ નગરપાલિકાના હંગામી કર્મચારી (વોર્ડ પ્યુન) સાવન મારુડા દ્વારા સેનેટરી ઈન્સ્પેક્ટર કૌશિક મોકાણા,ફાયર ઓફિસર રોહિત મહેતા સામે બીભસ્ત ભાષામાં ગાળાગાળી કરી ફરજમાં રુકાવટ કરી તેમજ સીટી મેનેજર (SWM) કિશન મંડલી ને પાણી પુરવઠા શાખાના કર્મચારીનું માથું ફોડી નાખવાની ટેલિફોનિક ધમકી આપતા ચીફ ઓફિસર તુષાર ઝાલરીયા દ્વારા સાવન મારૂડાને તાત્કાલિક અસરથી ફરજમાંથી છુટા કરેલ છે.





જેના પ્રત્યાઘાત સ્વરૂપે તમામ રોજમદાર સફાઈ કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ગયેલ છે તેમજ ફરજમાં રૂકાવટ કરવા અસ્પૃશ્યતાને પ્રોત્સાહન આપવાનો પાયાવિહોણો આરોપ લગાવેલ હતો જેના અનુસંધાને નગરપાલિકાના અધિકારીશ્રીઓ દ્વારા મામલતદારશ્રીને રજુઆત કરવામાં આવી હતી. હળવદ નગરપાલિકાના હંગામી કર્મચારી વોર્ડ પ્યુન સાવન મારુડા દ્વારા સેનેટરી ઈન્સ્પેક્ટર અને ફાયર ઓફિસર સાથે બીભસ્ત વર્તન કરતા છુટા કરાયા. ફરજમાંથી છુટા કરાતા પાલિકાના તમામ રોજમદાર સફાઈ કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતર્યા.

# હળવદના ચાડધ્રા ગામે દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી તથા વિદેશી દારૂની ૧૧૪ બોટલ સાથે એકની અટક

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ પોલીસે ચાડધ્રા ગામની સીમમાં પૂર્વ બાતમીને આધારે દરોડો પાડી આરોપીની વાડીની બાજુમાં આવેલ ખરાબામાં ધમધમતી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઝડપી લેવામાં આવી છે. બીજીબાજુ દેશી સાથે વિદેશી દારૂની નાની-મોટી ૧૧૪ બોટલ પણ મળી આવી હતી. ત્યારે હળવદ પોલીસે દેશી દારૂ બનાવવાના સાધન સામગ્રી, ગરમ-ઠંડો આથો, દેશી દારૂ સહીત ૨૫,૨૬૦/-ના મુદ્દામાલ સાથે આરોપીની સ્થળ ઉપરથી ધરપકડ કરાઈ છે.

હળવદ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે હળવદ તાલુકાના ચાડધ્રા ગામની સીમમાં આવેલ આરોપી સંજયભાઈ કાંતીભાઈ ગેડાણીની વાડીની બાજુમાં આવેલ ખરાબામાં રેઇડ કરતા દેશી દારૂ બનાવવાની ચાલુ ભઠ્ઠી ઝડપાઇ હતી. હળવદ પોલીસે સ્થળ ઉપરથી ગરમ આથો આશરે ૧૦૦ લિટર ૧૦૦, ઠંડો આથો ૨૩૫૫ લીટર, દેશી દારૂ ૪૫ લિટર, ભઠીના સાધનો એલ્યુમીનીયમનુ બકડીયું નંગ-૧, ગેસનો બાટલો નંગ-૧ તથા એક ગેસનો ચુલો રેગ્યુલેટર નળી સાથે નંગ-૧ સાથે કુલ રૂપિયા ૮,૯૦૦/- તથા ભારતીય બનાવટની પરપ્રાંતીય ઈંગ્લીશદારૂની White Lace Vodka ના ચપલા નંગ-૯૬ તથા ૮ PM SPECIAL RARE WHISKY બોટલો નંગ-૧૨ તથા GREEN LABEL THE RICH BLEND WHISKY બોટલો નંગ-૬ મળી કુલ ૧૬,૩૫૦/-ના મુદ્દામાલ સાથે આરોપી સંજયભાઈ કાંતીભાઈ ગેડાણી ઉ.વ.૨૪ રહે. રાયસંગપર તા.હળવદ હાજર મળી આવતા તેની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી છે. આ સાથે પોલીસે દેશી વિદેશી દારૂનો કુલ રૂ. ૨૫,૨૬૦/-નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી સ્પે.એસીબી કોર્ટ દ્વારા એક દિવસમાં ત્રણ લાંચીયા સરકારી કર્મચારીઓને સખ્ત કેદ અને દંડની સજા ફટકારાઇ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સ્પે. એસીબી કોર્ટના સ્પેશિયલ જજ દ્વારા સુરેન્દ્રનગર એસીબી પોલીસ મથકમાં નોંધાયેલા હળવદ તાલુકાના અલગ અલગ વર્ષના ત્રણ કેસના સરકારી લાંચીયા કર્મચારીઓને તપાસનીશ અધિકારી દ્વારા મેળવેલ પુરાવા તથા સરકારી વકીલની ધારદાર દલીલોને આધારે ત્રણેય આરોપીઓને સજા સંભળાવતો ચુકાદો આપી સમગ્ર મોરબી પંથકમાં હડકંપ મચી જવા પામ્યો છે.



મોરબી સ્પે.એસીબી કોર્ટમાં ચાલેલ પ્રથમ કેસના ચુકાદાની પ્રાપ્ત માહિતી અનુસાર વર્ષ ૨૦૦૮માં ફરિયાદી રમેશભાઈ પ્રેમજીભાઈ ફૂલતરીયા રહે.પ્રતાપગઢ તા.હળવદને મયુરનગરમાં આવેલ પોયણી ખેતીની જમીનનો દાખલો કાઢી આપવા મામલે તલાટી કમ મંત્રી ચીમનલાલ હીરાભાઈ દસાડિયાએ ૫૦૦ રૂપિયાની લાંચ માંગતા રમેશભાઈ દ્વારા એસીબીમાં ફરિયાદ કરવામાં આવી હતી જેથી સુરેન્દ્રનગર એસીબીના પીઆઈ એમ.જે.ડાભીની ટીમે છટકું ગોઠવી આરોપી તલાટી કમ મંત્રી ચીમનલાલ દસાડિયાને લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધા હતા.જે ગુન્હાની તપાસ કરનાર એસીબી પીઆઈ ડી.બી.ઝાલા ભુજ કચ્છનાઓએ સર્વગ્રાહી પુરાવા મેળવી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ ત્યારે આ અંગેનો કેસ મોરબી સ્પેશિયલ જજ અને બીજા એડિશનલ સેસન્સ જજ વિરાટ એ.બુદ્ધની સ્પે.એસીબી કોર્ટમાં ચાલી જતા તપાસનીશ અધિકારીએ તપાસ દરમિયાન મેળવેલ ૭ મૌખિક અને ૨૫ દસ્તાવેજી પુરાવા તથા મદદનીશ સરકારી વકીલ સંજયભાઈ સી.દવેની દલીલો ધ્યાને લઈ સ્પેશિયલ જજ અને બીજા એડિશનલ સેસન્સ જજ દ્વારા આરોપી તલાટી કમ મંત્રી ચીમનલાલ હીરાભાઈ દસાડિયાને ૪ વર્ષની કેદ અને રૂપિયા ૨૦ હજારનો દંડ ફટકારતો ચુકાદો આપ્યો હતો.

લાંચના બીજા કેસની વિગત મુજબ વર્ષ ૨૦૦૯ માં હળવદ તાલુકાના જુના દેવળીયા ગામે રહેતા વિપુલભાઈ રાજેન્દ્રભાઇ ભોરણીયાએ વારસાઈ એન્ટ્રી કરાવવા જતા તલાટી કમ મંત્રી જગદીશભાઈ નવનીતભાઈ ભટ્ટે રૂપિયા ૧૪ હજારની લાંચ માંગી બાદમાં સમગ્ર વહીવટ રૂપિયા ૧૨ હજારમાં નક્કી કરાયા બાદ પ્રથમ લાંચ પેટે ૬ હજાર આપી જવા વાયદો કરેલ જેથી ફરિયાદીની ફરિયાદના આધારે એસિબી પીઆઇ કે.બી ઝાલા સીબીઆઇ ફિલ્ડ રાજકોટનાઓએ છટકું ગોઠવી આરોપી તલાટી કમ મંત્રી જગદીશભાઈ ભટ્ટ રૂ.૬૦૦૦ ગેરકાયદેસર લાંચ સ્વીકારતા એસીબીના હાથે ઝડપાઇ ગયા હતા. જે ગુન્હાની તપાસ એસિબિ પીઆઈ પી.એમ.સરવૈયા એસીબિ સુરેન્દ્રનગરનાઓએ સર્વગ્રાહી પુરાવાઓ મેળવી કોર્ટમાં ચાર્જશીટ કરેલ હતું.આ અંગેનો કેસ મોરબી સ્પે.એસીબી કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ સંજયભાઈ સી.દવેની દલીલો તથા ૬ મૌખિક અને ૩૩ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ મોરબી સ્પેશિયલ જજ અને બીજા એડિશનલ સેસન્સ જજ વિરાટ એ.બુદ્ધ દ્વારા આરોપી જગદીશભાઈ નવનીતભાઈ ભટ્ટને ૪ વર્ષની કેદ અને ૨૦ હજારનો દંડની સજાનો આદેશ કરવામાં આવ્યો હતો.

જયારે ત્રીજા કેસમાં વર્ષ ૨૦૧૩માં હળવદ ટાઉનમાં રહેતા આશિષકુમાર રામભાઈ પટેલને હળવદ તાલુકા પંચાયતમાં ઝેરોક્ષનો કોન્ટ્રાક્ટ મળ્યા બાદ કોન્ટ્રાક્ટ પૂરો થતા ડિપોઝીટની રકમ પરત મેળવવા ટીડીઓ પાસે જતા જ્યાં ફરજ પાર હાજર ટીડીઓ મુકુન્દરાય લક્ષ્મીશંકર પાણેરી રહે.રાજકોટ વાળાએ રૂપિયા ૨ હજારની લંચ માંગતા આશિષકુમારે એસીબીમાં ફરિયાદ કર્યા બાદ સુરેન્દ્રનગર એસીબી પીઆઈ કે.બી. ચુડાસમાની ટીમે ગોઠવેલી ટ્રેપમાં આરોપી મુકુન્દરાય પાણેરી રંગેહાથ ઝડપાઇ જતા. જે ગુન્હાની તપાસ એસીબી પીઆઈ એચ.પી.દોશી એસીબી ફિલ્ડ રાજકોટના ઓએ સર્વગ્રાહી પુરાવાઓ મેળવી કોર્ટમાં ચાર્જશીટ કરેલ હતું.આ કેસ મોરબી સ્પેશિયલ એસીબી કોર્ટમાં ચાલી જતા નામદાર કોર્ટે ૬ મૌખિક અને ૧૮ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ તેમજ સરકારી વકીલ સંજયભાઈ સી.દવેની દલીલોને ગ્રાહ્ય રાખી બીજા એડિશનલ સેસન્સ જજ વિરાટ એ.બુદ્ધસાહેબ દ્વારા લાંચીયા આરોપી મુકુન્દરાય લક્ષ્મીશંકર પાણેરીને ૪ વર્ષની કેદ અને રૂપિયા ૨૦ હજારનો દંડની સજાનો આદેશ જારી કર્યો હતો.

# લોનની રિક્વરી માટે આવેલા ચાર શખ્સે ધોકા અને પાઈપથી બે યુવાનને ધોકાવ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં લાલવાડી વિસ્તારમાં ખાનગી ફાયનાન્સ પેઢી તરફથી વસૂલાત માટે આવેલા ચાર શખ્સે બે યુવાનને ધોકા-પાઈપ વડે માર માર્યો હતો. પોલીસે રીક્વરી કરવા આવેલા આ શખ્સો સામે ગુન્હો નોંધ્યો છે. ઉપરોક્ત બનાવનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.



જામનગરના હાપા માર્કેટીંગ યાર્ડ રોડ પર વૃંદાવન સોસાયટીમાં રહેતા અને લાલવાડી ચોકડી પાસે નાસ્તાની રેંકડી રાખતા સ્મિત કાંતિલાલ કણઝારીયા પોતાની રેંકડીએ હતા. ત્યારે વાઘેરવાડા વાળા આસીફ તથા શકીલ વાઘેર આવ્યા હતા.થોડા સમય પહેલાં સ્મિતના દાદાએ લોન પર એક મોપેડ ખરીદ્યુ હતું. તે મોપેડની લોન ચાલુ હતી. તે દરમિયાન દાદાનું અવસાન થતાં તેઓની લોન ક્લોઝ કરાવવામાં આવી હતી. તેમ છતાં લોન બંધ થઈ ન હતી. તેની ઉઘરાણી માટે ખાનગી ફાયનાન્સ પેઢી તરફથી આ શખ્સો આવ્યા હતા.

તેઓએ બળજબરીથી વાહન લઈ જવાનો પ્રયત્ન કરી સ્મિત તથા તેના ભાઈ અલ્પેશને ગાળો ભાંડી ફડાકો ઝીંક્યો હતો અને તે પછી ફોન કરીને જયપાલસિંહ ઝાલા, નદીમ સૈયદને બોલાવ્યા હતા. લાકડી તેમજ ધોકા સાથે આ શખ્સો પણ ધસી આવ્યા હતા અને ચારેય શખ્સે એકઠા થઈ સ્મિત તથા અલ્પેશને માર મારવા અંગે બંનેના રૂ. ૨૦ હજારની કિંમતના મોબાઈલ તોડી નાખ્યા હતા અને રેંકડીમાં પેટીનો કાચ ફોડી નાખ્યો હતો. સ્મિતે સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.ઉપરોક્ત બનાવ વખતે લાલવાડી ચોકડી પાસે ટોળુ એકઠું થઈ ગયું હતું તેમાંથી કોઈએ લાકડી-ધોકાથી હુમલો કરતા શખ્સોનો વીડિયો ઉતારી લઈ સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો છે.

# કાલાવડમાં પરિણીતાનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કાલાવડના એક યુવાન સાથે આઠેક મહિના પહેલાં નિકાહ કરનાર મહિલાએ પતિની બીમારીના કારણે લાગી આવતા ગળાફાંસો ખાઈ લીધો હતો. તેણીનું મૃત્યુ નિપજ્યું છે. પોલીસે મૃતક મહિલાના પિતાનું નિવેદન નોંધી તપાસ હાથ ધરી છે.જામનગર કાલાવડ શહેરના કુંભનાથ પરામાં રહેતા યાસીન છુવારા સાથે મૂળ અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના ઉમરગઢ ગામના સબીસ્તાબેન સોયબ મોવર (ઉ.વ.૨૭)ના બીજા નિકાહ આઠેક મહિના પહેલાં થયા હતા.લગ્ન પછી સબીસ્તાબેનને જાણ થઈ હતી કે તેમના પતિ માનસિક અસ્થિરતાથી પીડાઈ રહ્યા છે અને સુખ આપી શકે તેમ નથી. આ બાબતથી લાગી આવતા સબીસ્તાબેને ગયા પોતાના ઘરમાં એક ઓરડામાં રહેલા પંખામાં ઓઢણી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો. તેની જાણ થતાં નીચે ઉતારી સબીસ્તાબેનને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાં તેણીનું મૃત્યુ નિપજ્યું છે. મૃતકના પિતા સોયબભાઈ અબુભાઈ મોવરે પોલીસને જાણ કરી છે. કાલાવડના પીએસઆઈ જે.એસ. ગોવાણીએ મૃતદેહને પી.એમ. માટે ખસેડી પિતાનું નિવેદન નોંધ્યું છે.



# જમાદારી રીતે અમલવારી ન કરાય,ગ્રાહકની ઈચ્છા હોય તો જ સ્માર્ટ મીટર મુકવુ જોઈએ:મોરબી ગ્રાહક સુરક્ષા મંડળ

## સ્માર્ટ મીટર ગ્રાહકની મરજી હોય તો જ લગાવવા બાબતે ઉર્જા મંત્રીને લેખિત રજૂઆત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ દ્વારા પ્રજાવતી હાલ ગાંધીનગર ઉર્જા મંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. હાલ સમગ્ર ગુજરાતમાં વીજતંત્ર દ્વારા લગાવવામાં આવતા સ્માર્ટ મીટર અંગે કેટલીક બાબતો અંગે પ્રજા દ્વારા વિરોધ કરવામાં આવતો હોવાથી હાલ જે સરકારી યોજના અંતર્ગત તેની અમલવારી જમાદારી રીતે ન કરવા લેખિત રજૂઆત કરી છે.

મોરબી ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતા દ્વારા ઉર્જામંત્રીને કરવામાં આવેલ લેખિત રજુઆતમાં જણાવ્યું છે કે હાલ સમગ્ર ગુજરાતમાં સ્માર્ટ મીટર લગાવવાની બાબતે બબાલ ચાલી રહી છે, ગ્રાહકોનો અવાજ એવો છે કે સ્માર્ટ મીટરમાં બીલ વધારે આવે છે, ત્યારે આ બાબતે સરકારી અધિકારીઓ લુલો અને પાંગળો બચાવ કરી જણાવે છે કે પાછલુ બીલ બાકી છે માટે વધારે આવે છે. જાણવા પ્રમાણે જેના બીલમાં કોઈ પૈસા બાકી નથી તેવા ગ્રાહકને પણ વધારે બીલ આવે છે.



જો ગ્રાહકને અસંતોષ હોય તો શા માટે સ્માર્ટ મીટર મુકવાનો આગ્રહ રાખવો જોઈએ. જો કોઈપણ યોજના પ્રજાને અનુકુળ ના હોય તો ફરજીયાત સ્વીકારવાનો આગ્રહ ના કરવો જોઈએ. સ્માર્ટ મીટર લગાવવા માટે પ્રથમ પ્રજા સાથે પરામર્શ અને સેમીનાર યોજીને સરકારી યોજનાને સફળ બનાવવા માટે પ્રયત્ન કરવા જોઈએ. અધિકારીવર્ગે તેના ફાયદા વિશે જાણ કરવી જોઈએ તો જ સરકારી યોજના સફળ થાય, કોઈપણ યોજના જમાદારી રીતે અમલ નો કરાય, ગ્રાહકની ઈચ્છા હોય તો જ સ્માર્ટ મીટર મુકવુ જોઈએ. કોઈપણ યોજના ગ્રાહકો પર જોર જુલ્મ કરી ઠોકી બેસાડાય નહી તે સેવામાં ખામી ગણાય. પ્રજાના વિશ્વાસ અને પ્રેમથી યોજના સફળ થાય છે, સ્માર્ટ મીટર મનમાની કરી લગાવાય તે યોગ્ય ગણાઈ નહી જેથી પ્રજાની માંગણી છે કે જે ગ્રાહક કહે ત્યાં જ સ્માર્ટ મીટર લગાવો આ બાબતે યોગ્ય કરવા અપેક્ષાનું રજુઆતમાં જણાવવામાં આવ્યું છે.

# લિફ્ટ ખોટકાતાં બે લોકો ફસાયાં, ફાયર વિભાગની ટીમે રેસ્ક્યુ કરી બચાવ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં અંબર સિનેમા ની સામે આવેલા એટલાન્ટિક કોમર્શિયલ કોમ્પ્લેકસ માં કેપ્સ્યુલ લીફ્ટ આવેલી છે , જે લિફ્ટ માં રાત્રે ૮.૦૦ વાગ્યાના અરસામાં રામેશ્વર નગર વિસ્તારમાં રહેતા નિખિલ ગોહિલ ( ૧૬ વર્ષ ) અને નયન ગોહિલ ( ઉંમર વર્ષ ૨૨ ) નામના બે ભાઈઓ , કે જેઓ ખરીદી કરવા માટ ઉપરોકત બિલ્ડીંગમાં આવ્યા હતા , અને લિફ્ટમાં નીચે ઉતરી રહ્યા હતા . સફોકેશન થયું હોવાથી આ લઈને બંને ભાઈઓને





જે દરમિયાન એકાએક લીફ્ટ વચ્ચે ફસાઈ ગઈ હતી , અને બંનેને બનાવ અંગે ફાયર બ્રિગેડને જાણ કરાઇ હતી . આથી જામનગર મહાનગર , પાલિકાની ફાયર શાખા ના ભરત ગોહેલ , હેપલ વારા , જયંત સિંધવ સહિતની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી , અને ૨૦ મિનિટની જહે મત લિફ્ટના દરવાજા ખોલી નાખી સહી સલામત રીતે બહાર કાઢી લીધા હતા . જેથી સર્વેએ હાશકારો અનુભવ્યો હતો . લિફ્ટમાં ટેકનીકલ ખામી થવાના કારણે અધવચ્ચે અટકી પડી હોવાનું જાણવા મળી રહ્યું છે .

# જામનગર જિલ્લાના પગડીયા માછીમારોએ લાયસન્સ મેળવી લેવાનું રહેશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મત્સ્યોદ્યોગ નિયામક, ગાંધીનગર તથા અત્રેની કચેરીના પરિપત્ર મુજબ જામનગર જિલ્લામાં દરિયાઈ કાંઠાના પ્રાદેશિક જળવિસ્તારમાં આગામી તારીખ ૦૧/૦૬/૨૦૨૪ થી તારીખ ૩૧/૦૭/૨૦૨૪ સુધી યાંત્રિક બોટો દ્વારા થતી આંતરદેશીય અને પ્રાદેશિક જળક્ષેત્રમાં માછીમારી કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

તેમજ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જામનગર દ્વારા પ્રસિદ્ધ કરાયેલા જાહેરનામા મુજબ જામનગર જિલ્લાના સમગ્ર વિસ્તારના દરિયા કાંઠેથી કે ક્રીક એરીયામાં કોઈપણ માછીમારોએ કે અન્ય કોઈ વ્યક્તિઓએ માછીમારી માટે કે અન્ય કોઈ હેતુસર સમુદ્રમાં એરીયામાં ન જવા અને કોઈપણ બોટની અવર- જવર ન કરવા માટે પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.આ પ્રતિબંધમાંથી નોન મોટરસાઈઝડ ક્રાફ્ટ એટલે કે લાકડાની બિન યાંત્રિક એક લકડી હોડી, શઢવાળી હોડી તથા પગડીયા માછીમારોને બાકાત રાખવામાં આવ્યા છે.તેથી સમગ્ર જામનગર જિલ્લાના તમામ માછીમારો કે જેઓ નોન મોટરસાઈઝડ ક્રાફ્ટ એટલે કે લાકડાની બિન યાંત્રિક એક લકડી હોડી અને શઢવાળી હોડીથી માછીમારી કરે છે, તો તેમણે પોતાની હોડીનું રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.તેમજ પગડીયા માછીમારોએ પગડીયા લાયસન્સ મેળવવું ફરજિયાત છે. ઉપરોક્ત સૂચના મુજબ જે નોન મોટરાઈઝડ ક્રાફ્ટ એટલે કે લાકડાની બિન યાંત્રિક એક લકડી હોડી અને શઢવાળી હોડીનું રજીસ્ટ્રેશન કરાવ્યું ન હોય તેવા અને લાયસન્સ મેળવેલા ન હોય તેવા પગડીયા માછીમારો વિરુદ્ધ ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદો- ૨૦૦૩, ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ- ૨૦૦૩ અને આ જાહેરનામાનો ઉલ્લંઘન કરવા બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.જામનગર જિલ્લાની તમામ સહકારી મંડળીઓ, માછીમાર એસોશીએશનના હોદ્દેદારો, આગેવાનો, નાતપટેલો, તમામ બોટ માલિકો, છુટક તથા જથ્થાબંધ માછલીના વેપારીઓ તથા તમામ માછીમારોને અત્રે જણાવેલ આ તમામ બાબતોનું ખાસ પાલન કરવાનું રહેશે. તેમજ આ સુચનાની બહોળી રીતે પ્રસિધ્ધિ કરાવવાની રહેશે. તેમ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# શહેરમાં લીચીનું લુમેઝુમે આગમન



(તસ્વીરઃ આનંદ જાવિયા)

હાલમાં સુર્યનારાયણનો પ્રકોપ ચરમસીમા પર છે. ફળોના રાજા કેરીનું ધૂમ વેંચાણ થઈ રહ્યું છે. આ જ સમયે શહેરમાં પાણીદાર લીચીનું પણ લુમેઝુમે આગમન થયું છે. બીજા રાજ્યોમાંથી આવી રહેલી લીચીની આવક ટુંકા સમયમાંજ વધુ આવવાની સંભાવના છે. હાલ લીચીનો કિલોનો ભાવ રૂ.300 થી 3પ0 ચાલી રહ્યો છે. આવક વધવાની સાથે જ ભાવ ઘટશે.

# વાહનોની અવર-જવર માટે બંધ સાંઢીયો પુલ ક્રિકેટનું મેદાન બન્યો



(તસ્વીરઃ આનંદ જાવિયા)



બે દિવસ પહેલા વાહનો માટે બંધ કરાયેલ જામનગર રોડ પર આવેલ સાંઢીયો પુલ વાહનની અવરજવર બંધ થતા બાળકો માટે ક્રિકેટનું મેદાન બન્યો છે વેકેશન હોય બાળકો ક્રિકેટની મજા માણી રહ્યા છે. જયાં સુધી આ પુલનું કામ પૂર્ણ નહીં થાય ત્યાં સુધી વાહનની જગ્યાએ બાળકો ક્રિકેટની મજા માણશે.

# ગરમીમાંથી રાહત આપતી વિટામીનથી ભરપૂર તાળી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગરમીમાં ડિહાઈડ્રેશનનું પ્રમાણ અત્યંત વધી રહ્યું છે ત્યારે આ ગરમીમાં લોકોને વિટામીનથી ભરપૂર તાળી રાહત આપી રહી છે. ઠંડી તાસીર ધરાવતી આ તાળી પાણીથી ભરપૂર હોય છે. જે શરીરને ડિહાઈડ્રેશનથી બચાવે છે. જેમાં વિટામીન સી, આયર્ન, વિટામીન બી, કેલ્શિયમ, પોટેશિયમ, ઝિંક જેવા અનેક ગુણો હોય છે. નારિયેળ જેવી સ્વાદ ધરાવતું આ ફળ હાલ રાજકોટમાં મોટા પ્રમાણમાં મળી રહ્યું છે. બજારમાં રૂપિયા ૧૦૦ માં પ નંગ તાળી ફળ મળી રહ્યું છે.

# થોરાળા પાસે ગોકુળપરાના આશાસ્પદ યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

થોરાળા વિસ્તારમાં આવેલા ગોકુલપરામાં રહેતા યુવકે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.



આ અંગેની માહિતી મુજબ થોરાળા વિસ્તારમાં આવેલા ગોકુલપરામાં રહેતા સંજય લક્ષ્મણભાઈ સોલંકી નામનો ૪૨ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે વહેલી સવારે સાડા છએક વાગ્યાના અરસામાં પંખામાં ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

યુવકના મોતથી પરિવારમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી હતી. આ અંગે જાણ થતાં જ થોરાળા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગયો હતો અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક પુછપરછમાં મૃતક સંજય સોલંકી ત્રણ ભાઈમાં વચેટ હતો અને તેને સંતાનમાં એક પુત્ર છે.

# મનપાના મહિલા સફાઈ કામદારને ધમકી આપીઃ વ્યાજખોરે માગ્યા રૂા.એક લાખ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ઠક્કરબાપા હરીજનવાસમાં રહેતા અને સફાઈ કામદાર તરીકે મનપામાં નોકરી કરતાં જમનાબેન રસિકભાઈ મકવાણા ઉ.પ૦એ પરસાણાનગરમાં રહેતા વ્યાજખોર મહિલા સવિતાબેન ઉર્ફે કાળીબેન રૂપાભાઈ રાઠોડ સામે એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે ૨૦૨૨માં પતિને અકસ્માત થતા પૈસાની જરૂરિયાત હોવાથી વોર્ડ નંબર સાતમાં સાથે નોકરી કરતા સવિતાબેન પાસેથી ઉછીના ૨૦ હજાર લીધા હતા જે ૩ માસમાં ચુકવી દીધા હતા બાદમાં તેની બદલી થઈ ગઈ હતી ૩ માસ પછી આવી ૨૦ પરંતુ તે પછી સવિતાબેનએ આ પૈસા ઉછીના નહીં તારે ૨૦ ટકા વ્યાજ આપવું પડશે તેમ કહેતા સમયાંતરે વ્યાજ અને મુદલ ચૂકવતી હતી જે પેટે કુલ ૫૮ હજાર રૂપિયા ચૂકવી દીધા હતા દરમીયાન ઘરે આવી વ્યાજના વધુ ૬૦ હજાર માંગી લોહાનગરમાં આવવાનું કહેતા ગત ૨૦ તારીખે ત્યા જતાં તારે હવે ૬૦ હજારને બદલે ૧ લાખ આપવા પડશે જો પૈસા નહી આપે તો તારા પતિ અને પૂત્રને માર ખવડાવીહ અને સમાજમાં બદનામ કરીશ તેવી ધમકી આપતા બીકને લીધે વોર્ડ ઓફીસમાં જ ફીનાઈલ પી લેતા ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી સારવાર લીધા બાદ ફરીયાદ નોંધાવતા પીઆઈ આર જી બારોટ સહીતે તપાસ હાથ ધરી છે.

# ગુજરાતભરમાં ગરમીનો પ્રકોપઃરાજકોટમાં ટ્રાફિક સિગ્નલ પર મંડપ નખાયા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજસ્થાન સહિત દેશના અનેક રાજ્યમાં ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. ત્યારે ગુજરાતના અનેક શહેરોમાં ૪૫ ડિગ્રીથી વધુ તાપના કારણે લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. રાજકોટમાં પણ છેલ્લા ચાર પાંચ દિવસથી અસહ્ય ગરમીના કારણે જનજીવન ખોરવાય ગયું છે. તેમ છતાં લોકોને જરૂરી કામકાજ અર્થે બપોરના સમયે ના છુટકે ઘરની બહાર નીકળવું પડી રહ્યું છે. ત્યારે આકરા તાપ વચ્ચે જાહેર માર્ગો પર ટ્રાફિક સિગ્નલો બંધ હોય ત્યારે વાહનચાલકો ઉભા રહી જતા હોય અને આ સહ્ય ગરમી સહન કરવાનો વારો આવતો હોય આવા સમયે તંત્રવાહકો પણ લોકોની મુશ્કેલીને ધ્યાને લઈ પ્રદ્યુમનનગર પોલીસ દવારા લોકો માટે ટ્રાફિક સિગ્નલો પર મંડપ નાખવામાં આવ્યા છે. જેના કારણે મહદઅંશે વાહનચાલકો આકરા તાપ થી બચી શકે.

## પ્રજાપતી સમાજનું ગૌરવ

# સંચાણીયા પરીવારની દિકરીનું વકીલાત ક્ષેત્રમાં પદાર્પણ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટમાં રહેતા મનીષભાઈ નરશીભાઈ સંચાણીયા (બિલ્ડર) તથા પ્રફુલાબેનના પુત્રી અને રાજદિપભાઈ સંચાણીયા (બિલ્ડર) ના બહેન અને રમેશભાઈ મોરઝરીયાના પુત્રવધુ તથા મિલનભાઈ મોરઝરીયા (CSC)ના ધમેપત્ની મીરા સંચાણીયાએ તાજેતરમાં વકીલાત ક્ષેત્રમાં મહત્વની ગણાતી એવી બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા સમગ્ર ભારતમાં લેવાયેલ પરીક્ષા પાસ કરી છે અને તેઓએ M.Com, LL.B




સુધીનો અભ્યાસ કરેલ છે સાથોસાથ સીનીયર એડવોકેટ રજનીકાંતભાઈ ગજેરા સાથે પણ તેઓ વકિલાત નું કાયે રેવન્યુ અને સીવીલ મેટર માં કરી રહ્યા છે સાથોસાથ અનેક ધાર્મિક - સામાજિક - યુવા લોયસે જેવી સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા છે અને તેઓએ અનેક લો કોન્ફરન્સનોમાં હાજર રહી મહિલા વકિલ તરીકેનું પ્રતિનિધિત્વ કરેલ છે તેઓએ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની પરીક્ષા પાસ કરી સફળતા મેળવતા ચારેકોરથી મેસેજ, કોલ(૮૨૦૦૩૩૪૭૦૬) દ્વારા તથા રૂબરૂમાં શુભેચ્છાવર્ષા થઈ રહી છે.

# કલેક્ટર પ્રભવ જોશીની અધ્યક્ષતામાં ડિસ્ટ્રિક્ટ રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ

## વાહન અકસ્માતમાં ઘટાડો થાય તે માટે હાઈ-વેને વધુ સલામત બનાવવા કલેકટરનો અનુરોધ







**મુખ્ય સમાચાર, રાજકોટ**

જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોશીની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે ડિસ્ટ્રિક્ટ રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. ધોરી માર્ગો પર અકસ્માતનું પ્રમાણ સતત ઘટે તે દિશામાં કરવામાં આવતી કામગરી અર્થે રોડ રીપેરીંગ, થર્મોપ્લાસ્ટ પટ્ટા, કેટ આઈ, રમ્બલ સ્ટ્રીપ, સ્પીડ લીમીટ, સ્પીડ બ્રેકર, સાઈનેજીસ, હાઇવે - એપ્રોચ કનેક્ટિવિટી પાસે રોડ એંજિનયિરિંગ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

આ સાથે કલેકટરશ્રીએ અકસ્માત માટે કારણભૂત હાઈવે પરની હોટેલ, પેટ્રોલ પંપ આસપાસ ગેરકાયદેસર રીતે મીડીયમ બ્રેકીંગ કરતા ઈસમો વિરુદ્ધ કડક કાર્યવાહી, અનધિકૃત હોર્ડિંગ્સ, દબાણો દૂર કરવા સૂચના આપી હતી.

બેઠકમાં નેશનલ હાઇવે ઓથોરિટી અને રૂડા દ્વારા નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર કોરાટ ચોકડી સહીત ૧૪ ચોકડી પર વાહન ડાયવર્ઝન માટે બેરીકેટ લગાવવા તેમજ ટ્રાફિક સમસ્યા દૂર કરવા અંગે આયોજનની વિગતો પુરી પાડી સાઈનેજીસ, રમ્બલ સ્ટ્રીપ સહિતની કામગીરીની વિગતો આપી હતી.

નેશનલ હાઇવે ડિવિઝન દ્વારા રાજકોટ બામણબોર હાઇવે પર કુવાડવા પાસે, માલિયાસણ પાસે, પટેલ વિહાર પાસે, હિરાસર એરપોર્ટ પાસે રોડ પર સાઈનેજીસ, રમ્બલ સ્ટ્રીપ સહિતની કામગીરીની વિગતો પુરી પાડી હતી. ૧૦૮ વિભાગ દ્વારા છેલ્લા ત્રણ માસમાં અકસ્માતના પ્રમાણમાં થયેલા ઘટાડા અને રિસ્પોન્સ ટાઈમમાં થયેલા ઘટાડા, આર.ટી.ઓ અને ટ્રાફિક પોલીસ દ્વારા હાઇવે પર ઓવર સ્પીડ, સીટ બેલ્ટ, હેલ્મેટ અંગે ચલાવવામાં આવેલી ઝુંબેશ, અકસ્માતમાં મદદરૂપ બનતા લોકોને સમરીટન એવોર્ડ અંગે બોલબાલા ટ્રસ્ટ દ્વારા જનજાગૃતિ અંગે કરવામાં આવેલા સેમિનારની વિગતો રજૂ કરી હતી.

કલેકટર દ્વારા આગામી દિવસોમાં ચોમાસુ ઋતુ શરુ થવાનું હોઈ હાઈવે પર વરસાદના પાણી ન ભરાય તેમજ તેના કારણે અકસ્માતો ન બને તે માટે વિવિધ એજન્સીઓને જરૂરી પગલાંઓ લેવા ખાસ સૂચન કર્યું હતું.

આ વર્ષે રાજકોટ જિલ્લા રોડ સેફ્ટી કામગીરીમાં સમગ્ર ગુજરાતમાં બીજો નંબર આવવા બદલ કલેકટરશ્રી જોશીએ અભિનંદન પાઠવી તમામ વિભાગની કામગીરીની પ્રશંસા કરી હજુ પણ અકસ્માત સંભવિત વિસ્તારોમાં સઘન કામગીરી કરવા પ્રેરણા પુરી પાડી હતી.આ બેઠકમાં આર.ટી.ઓ અધિકારીશ્રી કે. એમ. ખપેડ, બોલબાલા ટ્રસ્ટના શ્રી જયેશભાઈ ઉપાધ્યાય સહીત એન.એચ.એ.આઈ., એન.એચ. ડિવઝન, ડીસ્ટ્રીકટ આર.એન્ડ.બી., સિવિલ, ૧૦૮ સહીત વિવિધ વિભાગના અધિકારીશ્રી તેમજ પ્રતિનિધીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં કુલીનગર-૧ના રહેણાંકમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો,બે આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી બી ડિવિઝન પોલીસે પૂર્વ બાતમીને આધારે વીસીપરા નજીક આવેલ કુલીનગર-૧ માં મળેલ બાતમીને આધારે રેઇડ કરતા રહેણાંક મકાનમાં વેચાણ અર્થે રાખવામાં આવેલ વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૫૫ નંગ બોટલ મળી આવી હતી. જ્યારે પોલીસની રેઇડ દરમિયાન મકાન માલીક તથા તેની સાથેનો વિદેશી દારૂના ધંધામાં ભાગીદાર એવા બંને શખ્સ હાજર મળી ન આવતા બંને આરોપીઓ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસને બાતમી મળેલ કે વીસીપરા વિસ્તારમાં આવેલ કુલીનગર-૧ માં મોસીનભાઈ માલાણી તથા સાજીદ લાધાણી ભાગીદારીમાં વિદેશી દારૂની જથ્થો મંગાવી દારૂનું ગેરકાયદે વેચાણ કરે છે. જેથી મળેલ બાતમીને આધારે બી ડિવિઝન પોલીસ ટીમે મોસીનભાઈ માલાણીના રહેણાંક મકાનમાં રેઇડ કરી હતી. રેઇડ દરમિયાન માંકસનમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૫૫ બોટલ કી.રૂ.૨૧,૬૭૦/- મળી આવી હતી. જ્યારે બંને આરોપી પોલીસની રેઇડ દરમિયાન હાજર મળી આવ્યા ન હોય તેથી બી ડિવિઝન પોલીસે બંને આરોપી સાજીદ કાદરભાઇ લધાણી રહે-મોરબી વીશીપરા ધોળેશ્વર રોડ કુલીનગર-૧ તથા મોસીનભાઇ જુમાભાઇ માલાણી રહે-મોરબી વીશીપરા ધોળેશ્વર રોડ કુલીનગર-૧ને ફરાર દર્શાવી બંને વિદેશી દારૂનો જથ્થો કબ્જે લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોંડલની આંગણવાડીમાં બાળક પાલક કાર્યક્રમમાં નવા બાળકોનું નામાંકન કરાયું

## બાળકોએ તૈયાર કરેલી કૃતિઓ બાળમેળામાં પ્રદર્શિત કરાઈ







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ગોંડલના ઘટક-૧ની આંગણવાડીમાં બાળક પાલક કાર્યક્રમ અંતર્ગત શાળાકીય પૂર્વ તૈયારીના ભાગરૂપે વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. સાથે નવા બાળકોનું નામાંકન કરવામાં આવ્યું હતું.

આંગણવાડીમાં કરાવવામાં આવતી પૂર્વપ્રાથમિક શિક્ષણની પ્રવૃતિઓથી માતા-પિતા, વાલીઓને માહિતગાર કરવા અને આંગણવાડીમાં બાળકોના નામાંકનમાં વધારો કરવા તેમજ નોંધાયેલા બાળકો આંગણવાડીમાં નિયમિત આવતા થાય તે માટે વાલીની ભાગીદારી વધારવા માટે બાળકો અને વાલીઓ માટે સંયુક્ત પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવે છે.

જેના ભાગરૂપે ગોંડલ ઘટક-૧ની આંગણવાડીમાં બાળકોને લેખન, વાચન, ગણન શીખવવા સાથે બાળકો સમૂહમાં ભળે અને આંતરિક શિસ્ત કેળવે તે હેતુથી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો સાથે તેમના પરિવારજનો પણ જોડાયા હતા. બાળકો દ્વારા તૈયાર કરાયેલી કૃતિને બાળમેળામાં પ્રદર્શિત કરવામાં પણ આવી હતી.

ગોંડલ ઘટક-૧ના બાળવિકાસ યોજના અધિકારી સુશ્રી સોનલબહેન ડી. વાળા, મુખ્ય સેવિકા પીન્ટુબહેન દવે, વર્ષાબહેન ભટ્ટ, નયનાબહેન મહેતા, મુક્તાબહેન, નયનાબહેન સિંહાર તથા પી.એસ.ઈ. ઇન્ટ્રક્ટર ધવલભાઈ પરમાર તેમજ આશાવર્કર બહેનોના સહિયારા પ્રયાસથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# હળવદમાં ટીકર ફાટક નજીકથી કારમાં વિદેશી દારૂ-બીયરનો જથ્થો લઇ નીકળેલ બે શખ્સોને દબોચી લેવાયા

## હળવદ પોલીસે કાર તથા દારૂ-બીયરની નાની-મોટી કુલ ૨૫૦ બોટલનો મુદામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમીને આધારે હળવદમાં ટીકર ફાટક નજીક કારમાં વિદેશી દારૂ-બીયરના જથ્થાની હેરાફેરી કરતા બે શખ્સોને ઝડપી લેવાયા હતા. હળવદ પોલીસે કારમાંથી વિદેશી દારૂ-બીયરની કુલ ૨૫૦ નંગ બોટલ સહીત કુલ રૂપિયા ૨.૩૮ લાખનો મુદામાલ કબ્જે લઇ પકડાયેલા આરોપી વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની વધુ તપાસ ચલાવી છે.







હળવદ પોલીસ મથકના પીઆઈ આર.ટી.વ્યસની સૂચના અને માર્ગદર્શન હેઠળ હળવદ પોલીસ સ્ટાફ પ્રોહીબીશન અંગેના કેસો શોધવા કાર્યશીલ હોય તે દરમિયાન પોલીસ સ્ટાફને મળેલ પૂર્વ બાતમીને આધારે હળવદ ટીકર ફાટક નજીકથી વોક્સવેગન કંપનીની પોલો કાર રજી. જીજે-૦૫-જેએચ-૧૭૪૧ લઇ નીકળેલ કારને રોકી તેની તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની-મોટી ૨૦૪ બોટલ તથા બીયરના ૪૬ ટીન મળી આવ્યા હતા. ત્યારે પોલીસે કારમાં વિદેશી દારૂ-બીયરના જથ્થાની હેરાફેરી કરતા આરોપી નવઘણભાઈ ભીમજીભાઈ સનુરા ઉવ.૨૦ રહે. જુના ઘાંટીલા તા.માળીયા મીં. તથા કલ્પેશભાઈ હસમુખભાઈ પરમાર ઉવ.૧૯ રહે.હળવદ બસ સ્ટેન્ડ પાછળને ઝડપી લેવામાં આવ્યા હતા. હળવદ પોલીસે કુલ દારૂ-બીયરનો રૂપિયા ૩૭,૯૦૦/-તથા પોલો કાર કિ.રૂ.૨ લાખ સહીત ૨,૩૭,૯૦૦/-નો મુદામાલ જપ્ત કરી બંને આરોપીઓ સામે પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીગ્રામમાં પુત્ર સાથે ઝઘડો કરતા શખ્સોને ટપારતા દંપતિ પર હુમલો

## નામચીન શખ્સોએ છરી–ધોકા વડે હુમલો કરી આતંક મચાવતા રાહદારીઓમાં નાસભાગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીગ્રામ મેઈન રોડ પર ઘર પાસે બેઠેલા દંપતી પર ચાર શખ્શોએ ધોકા પાઈપ અને છરી વડે હુમલો કરી આતંક મચાવતા રસ્તે આવતા રાહદારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. ઈજાગ્રસ્ત દંપતીને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયા છે. ગાંધીગ્રામ પોલીસે હુમલાખોરો સામે ગુનો નોંધી કવાયત આદરી છે.

આ અંગેની માહિતી મુજબ ગાંધીગ્રામ મેઇન રોડ ઉપર એસ.કે.ચોકમાં રહેતા જનકભાઈ નાથાભાઈ પરમાર (ઉ.વ.૫૨) અને તેમના પત્ની રેખાબેન જનકભાઈ પરમાર (ઉ.વ.૪૮) રાત્રિના દસેક વાગ્યાની





આસપાસ પોતાના ઘર પાસે બેઠા હતા. ત્યારે કુખ્યાત જયરાજ કાઠી, દિવ્યેશ અને મંથન સહિત ચાર શખ્સોએ છરી અને પાઈપ વડે હુમલો કરી માર માર્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા દંપતિને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું.

સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરતા ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં ઈજાગ્રસ્ત દંપતિનો પુત્ર ધ્રુવીક તેના મિત્રને મળવા જતો હતો ત્યારે હુમલાખોર જયરાજ કાઠીએ અહીંથી કેમ નીકળ્યો તેમ કહી ગાળો ભાંડી હતી અને બોલાચાલી કરી હતી. પુત્ર ધ્રુવિક સાથે ઝઘડો કરનાર નામચીન જયરાજ કાઠીને ધ્રુવીક્ના માતા–પિતા સમજાવવા ગયા હતા ત્યારે નામચીન શખ્સે પોતાના સાગ્રતો સાથે મળી છરી અને પાઈપ વડે હુમલો કર્યો હોવાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

# પડધરી પાસે સામુહીક આપઘાત કરનાર રાજકોટના મુસ્લિમ પરિવારની એકની એક પુત્રી ગુમ

## પરિવારના ત્રણ ત્રણ સભ્યોના મૃત્યુના ૩૬ કલાક બાદ પણ નહીં મળી આવતા રહસ્ય ઘુટાય

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભગવતીપરામાં રહેતાં પરિવારે પડધરીના રામપર પાસે આવેલા સરકારી ખરાબાની જગ્યામાં દવા પી આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી જવા પામી હતી. પરિવારના ત્રણ–ત્રણ લોકોના આપઘાત બાદ એકની એક બહેન રહસ્યમય રીતે લાપત્તા થઈ જતાં બનાવમાં નવો વળાંક વધુ રહસ્ય ઘેરાયું છે.





મૃતક આશિક



મૃતક કાદરભાઈ



ગૂમ થયેલ નગ્મા ઉર્ફે નરગીસ

આ અંગેની માહિતી મુજબ ભાડાની રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતાં કાદરભાઈ મુકાસમ, તેમના પત્ની ફરીદાબેન મુકાસમ અને પુત્ર આસીફ મુકાસમે પડધરી પાસે આવેલી દરગાહ પર દર્શન કર્યા બાદ પરત ફરતી વખતે રામપર પાસે ઝેરી દવા પી મોત મીઠું કરી લીધું હતું. પોલીસની પ્રારંભીક તપાસમાં એવો ખુલાસો થયો હતો કે ફરીદાબેનને લોહી ઉડી જવાની બીમારી હોય તેમની સારવારનો ખર્ચ વધુ પડતો હોવાને કારણે પરિવાર આર્થિક તંગીનો સામનો કરી રહ્યો હોવાથી અંતિમ પગલું ભરી લીધું


હોઈ શકે છે. દરમિયાન મૃતક કાદરભાઈના ભાઈ મહમ્મદભાઈએ જણાવ્યું કે તેમના ભાઈ, ભાભી અને ભત્રીજાએ આપઘાત કરી લીધાના ૩૬ કલાક બાદ પણ ભત્રીજી નગમા ઉર્ફે નરગીસ કે જેની ઉંમર ૨૨ વર્ષની છે તેનો હજુ સુધી કોઈ પત્તો નથી. શરૂઆતમાં અમને એમ લાગી રહ્યું હતુ કે તે તેના મામા, માસી અથવા તો કોઈ પરિવારજનના ઘરે ગઈ હોઈ શકે છે પરંતુ બનાવની જાણ થતાં તમામ પરિવારજનો આવ્યા બાદ એવો ખુલાસો થયો હતો કે નગમા તેમના ઘેર પણ પહોંચી નથી ! પરિવારના ત્રણ લોકોએ આપઘાત કરી લીધા છતાં બહેન હજુ સુધી નહીં આવતાં તરેહ તરેહની ચર્ચાએ જોર પકડી લીધું છે. બીજી બાજુ પડધરી પોલીસે રાજકોટ આવીને મૃતક્ના ઘરની તલાશી પણ લીધી હતી. બીજી બાજુ એવી ચર્ચા પણ શરૂ થઈ છે કે આપઘાત પાછળ આર્થિક સિવાય બીજું કોઈ કારણ પણ જવાબદાર હોઈ શકે છે.

# કાલાવડ રોડ પર બાઈક સાઈડમાં પાર્ક કરવાનું કહેનાર ધંધાર્થી પર છરી વડે બે શખ્સો તૂટી પડયાની ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં કાલાવડ રોડ ઉપર સ્વામિનારાયણ મંદિર સામે મધરાત્રે ટ્રાફિક ઝુંબેશના કારણે બાઇક સાઇડમાં પાર્ક કરવાનું કહેતા બાઈક સવાર બેલડીએ વેપારી અધેડ ઉપર છરી વડે હુમલો કર્યો હતો આધેડને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

ગાંધીગ્રામમાં રહેતા અને કાલાવડ રોડ પર સ્વામિનારાયણ મંદિરની સામે મેગી ફાસ્ટ ફૂડ સેન્ટર નામે કેબિન ધરાવતા બળવંતભાઈ ઘનશ્યામભાઈ રાજા નામના ૪૯ વર્ષના આધેડ રાત્રિના એકાદ વાગ્યાના અરસામાં પોતાના કેબીને હતા ત્યારે રામનાથપરાના એઝાઝ અને સોહિલ નામના શખ્સોએ



ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો હુમલામાં ઘવાયેલા આધેડને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરતા માલવિયાનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં બળવંતભાઈ રાજા પોતાની મેગી ફાસ્ટ ફૂડ સેન્ટર નામની કેબીને હતા ત્યારે બાજુમાં નકળંગ હોટલે આરોપી એજાજ અને સોહીલ ચા પીવા માટે આવ્યા હતા. બળવંતભાઈ રાજાએ હાલ ટ્રાફિક ઝુંબેશ ચાલુ હોવાથી બાઇક વ્યવસ્થિત પાર્ક કરવાનું કહેતા બંને શખ્સોએ છરી વડે હુમલો કર્યો હતો અને અહીં ધંધો નહીં કરવા ધમકી આપી હોવાનો બળવંતભાઈ રાજાએ આક્ષેપ કર્યો છે આક્ષેપના પગલે માલવીયાનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મહિકા ગામના પાટીયા પાસે હોટેલના કાઉન્ટરમાંથી ૩૨ હજાર લઈ સુપરવાઈઝર ફરાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ–ભાવનગર હાઈવે પર મહિકાના પાટીયા પાસે ઠાકરધણી હોટેલમાંથી સુપર વાઈઝરે કાઉન્ટરનું તાળુ તોડી રૂા.૩૨ હજાર તફડાવી લીધાની ફરિયાદ આજીડેમ પોલીસમાં નોંધાઈ છે.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, ઢેબર રોડ પર પીડીએમ કોલેજ ફાટક પાસે નારાયણ નગરમાં રહેતા ભાવેશભાઈ અરજણભાઈ વીકાણી (ઉ.વ.૪૬)એ ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે મહીકા ગામના પાટીયા પાસે ઠાકરધણી હોટેલ ધરાવી ધંધો કરે છે. તા.૧૯ના રોજ રાત્રીના ઠાકરધણી હોટેલના કાઉન્ટરને તાળુ મારી ઘરે જતો રહ્યો હતો. હોટેલની બહાર ચા–પાનનું કાઉન્ટર ચાલુ હતું. હોટેલના કારીગરો ત્યાં જ રૂમમાં સુતા હોય સવારે પોતે હોટેલ પરજતાં ત્યાં કાઉન્ટર તુટેલી હાલતમાં હતું. જેથી તપાસ કરતાં ટેબલના કાઉન્ટરનાં ખાતામાંથી રૂા.૩૨ હજારની રોકડ અને ૧૫ હજારનું ટેબલેટ જોવામાં ન આવતાં સીસીટીવી ફુટેઝમાં જતા હોટેલમાં સુપરવાઈઝર આલોક મજુમદાર ચોરી કરી લઈ જતો હોવાનું જાણવા મળતા તેમને કોલ કરતા મોબાઈલ સ્વિચઓફ હતો. આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# ચોટીલામાં ભિક્ષાવૃતિ કરતા કિન્નરો અને સિકયુરિટી ગાર્ડ વચ્ચે બબાલઃ હાઈ–વે પર ચકકાજામ

## સિક્યુરિટી ગાર્ડ ધોકા મારી પૈસા માગતો હોવાનો આક્ષેપ, ન્યાય આપવાની કિન્નરોની માંગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચોટીલા ચામુંડા તળેટી પંથકમાં ભિક્ષાવૃત્તિ કરતા કિન્નરો અને સિક્યુરિટી ગાર્ડ વચ્ચે માથાકૂટ થતા કિન્નરો હાઇવે રોડ ઉપર રસ્તારોકો કરતા પોલીસ દોડી આવી હતી અને મામલો પોલીસ મથકે પહોચ્યો હતો સમગ્ર મામલે કિન્નર અગ્રણી પરી દે એ રજૂઆત કરતા જણાવ્યું હતું કે તેઓ વર્ષોથી ચામુંડા મંદિરે ભીક્ષાવૃતિ કરે છે ગુજરાન ચલાવે છે આ સમયે સિક્યુરિટી ગાર્ડ ડંડા ધોકા મારી ગાળો આપી ભગાડે છે. તેઓ કોઈને હેરાન કરતાં નથી ભીક્ષા જ માંગે છે તેમને જલીલ કરી બહાર કાઢી મુક્તા હોવાનું તેમજ ગાર્ડ પૈસાની



માંગ કરતા હોવાનો આક્ષેપ કરી તેમને ન્યાય આપવાની માંગ કરેલ છે. બુધ્ધ પૂર્ણીમાનાં દિવસે ગાર્ડ માથાકૂટ થતા ૧૦ થી વધુ કિન્નરો હાઈવે રોડ ઉપર પહોચી ગયા હતા અને રસ્તા રોકો રોષ વ્યક્ત કરતા પોલીસ દોડી આવેલ હતી અને સમજાવી થોડા સમયમાં વાહન વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો અને તમામની આ મામલે અરજી લઇ મામલો હાલ પુરતો થાળે પાડયો હતો.

# પડધરીના ફતેપર ગામે આડા સંબંધમાં પટેલ યુવાનની હત્યા કરનાર ચાર ઝબ્બે

## મારી પત્ની સામે કેમ જુવે છે તેમ કહી ચાર શખ્સોએ બેફામ મારમારતા યુવાનનું મોત નિપજયુ'તુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરી તાલુકાના ફતેપર ગામે રહેતા યુવકને ગત ૧૮ તારીખે શેરીમાંથી નીકળી પત્ની સામે જોતો હોય જેથી ચાર શખસોએ કાવતરૂ રચી વાડીએ ધોકાથી ઢોર માર મારતા સારવાર દરમિયાન મોત થતા પડધરી પોલીસે હત્યાનો ગુનો નોંધી ચાર શખસોની ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ પડધરીના ફતેપર ગામે રહેતા અને ખેતી કરતા અશ્વિનભાઈ પ્રતાપભાઈ ગજેરા ઉ.૩૬ નામનો યુવાન ગત ૧૮ તારીખે વાડીએ હતો ત્યારે અજાણ્યા શખસોએ ધોકાથી ઢોર માર મારતા રાજકોટ હોસ્પીટલમાં ખસેડાયો હતો અહીં બુધવારે સારવાર દરમિયાન મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો બનાવ અંગે મૃતકના માતા રમાબેનએ પડધરી પોલીસમાં હત્યા અંગે ફરિયાદ નોંધાવતા પીએસઆઈ ગજેન્દ્રસિહ ઝાલા સહિતના સ્ટાફે હત્યાના ગુનામાં સંડોવાયેલ અશોક છગનભાઈ બાળા ઉ.૩૬, ભરત આયદાનભાઈ બાળા ઉ.૩૨, સંદીપ માંડણભાઈ બાળા ઉ.૨૮ ''વોટની સંદેશ અને ધાર્મિક માંડણભાઈ બાળા ઉ.૨૫ની ધરપકડ કરી પુછતાછ કરતા અશોકના ઘર પાસેથી અશ્વિન નીકળતો હોય તેણે કાવતરૂ રચી કારમાં વાડીએ ધસી જઈ તું મારી પત્ની સામે કેમ જુએ છે કહી નોકરીવિષયક પ્રોપર્ટીલિ હુમલો કરી પરિવારને જાનથી મારી ઈ વાહનબજાર ધંધાદારી.. નાખવાની ધમકી આપ્યાનું જણાવતા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# મવડી ગામમાં ગૃહ કલેશથી કંટાળી મહિલાનો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે મવડી ગામમાં રહેતી મહિલાએ ગૃહ કલેશથી – કંટાળી એસીડ પી આપઘાતનો પ્રયાસ કરતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જાણવા મળતી વિગત મુજબ, મવડી ગામે જીથરીયા હનુમાન મંદિરની સામે રાજ રેસીડન્સીમાં રહેતા દક્ષાબેન હિતેન્દ્રભાઈ દવે (ઉ.૩૭) નામના મહિલાએ આજે સવારે પોતાના ઘરે એસીડ પી લેતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પ્રાથમિક તપાસમાં દક્ષાબેનના લગ્ન ૧૭ વર્ષ પહેલા થયા હોવાનું અને તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. તેમના પતિ ટીવી રિપેરીંગનું કામ કરતાં હોય પતિ સાથે ગૃહકલેશ થતાં આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે. આ અંગે તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં આગામી મહોરમના તહેવારમાં ૯ ફુટથી વધુ ઉંચાઈના તાજીયા પર પ્રતિબંધ

## વિવિધ નિયમોનું પાલન કરવા શહેર પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ૯ ફૂટથી વધુ ઊંચાઈના તાજીયા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ અંગે રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. મહોરમના તહેવાર નિમિત્તે તાજીયા કમિટીઓ દ્વારા તાજીયા બનાવવાનું શરૂ થાય તે પહેલા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે અને વિવિધ નિયમોનું પાલન કરવા ઉલ્લેખ કરાયો છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, રાજકોટ શહેરમાં દર વર્ષે મુસ્લીમ સમુદાયમાં તાજીયા રાખવામાં આવે



છે. રાજકોટ શહેરમાં આ વર્ષે તા.૧૬ અને ૧૭ જુલાઈના રોજ તાજીયા મહોરમ છે. આ તહેવાર અગાઉ બનાવવામાં આવતા તાજીયાઓના કદ બાબતે ઉંચાઇનું યોગ્ય અને નિયત ધોરણ જાળવી રાખવામાં આવે જેથી ઝુલુસ પ્રક્રિયા સરળતાથી થાય.

આ દરમિયાન ટ્રાફીક સરળતાથી ચાલુ રહે અને કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય. તેમજ બીજા ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય એવા કૃત્યો ન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. તાજીયા મહોરમ અંગેનું તમ. ૨૨/૫/૨૦૨૪ થી તા.૧૮/૭/૨૦૨૪ ના સવારે ૬ વાગ્યા સુધીનું ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ મુજબનું જાહેરનામું બહાર પાડેલ છે.

જાહેરનામામાં જણાવ્યા અનુસાર, બેઠક સહિત ૯ ફૂટ કરતા વધારે ઊંચાઈના તાજીયા બનાવવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ઉપરાંત આ તાજીયા જાહેર માર્ગ ઉપર પરીવહન કરવા પર નિયત કરેલ સ્થળ સિવાયના અન્ય સ્થળ પર તાજીયા મુકવા પર જે જગ્યાએ તાજીયા બનાવવાની કામગીરી કરે છે તથા જે જગ્યા વેચાણ માટે રાખે છે તે જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઇપણ પ્રકારની ગંદકી કરવા કે કોઈપણ પ્રકારના તાજીયા રોડ ઉપર જાહેરમાં ટ્રાફીકને અડચણ થાય તે રીતે રાખવા પર પ્રતિબંધ મુકાયો છે.


# વીછિંયા પાસે દારૂ બિયર ભરેલી કાર સાથે મોટામાત્રાનો બુટલેગર ઝડપાયો

## વિદેશી દારૂનું કટીંગ થાય તે પહેલા જ રૂરલ એલસીબીની ટીમે દબોચી લઈ કાર સહિત રૂપિયા ૧૨ લાખનો મુદ્દામાલ કબજે ર્ક્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

લોક્સભાની ચૂટંણી પૂર્ણ થયા બાદ જસદણ પંથક જાણે દારૂનું પીઠું બની ગયું હોય તેમ રોજબરોજ વિદેશી દારૂ પકડાવવાના કિસ્સા સામે આવી રહ્યા છે. આજે વધુ એક બનાવમાં રાજકોટ ગ્રામ્ય પોલીસે દારૂનું કટીંગ થાય તે પહેલા જ વીછિંયાના ઓરી રોડ પર દારૂ બિયરનો જથ્થો ભરેલી ઈનોવા કાર સાથ. મોટા માત્રાના બુટલેગરને દબોચી લઈ રૂપિયા ૧૨ લાખનો મુદ્દામાલ કબજે ર્ક્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ રાજકોટ ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઈ વી.વી.ઓડેદરાની સુચનાથી







પીએસઆઈ બી.જી.બડવા પીએસઆઈ એચ.સી.ગોહીલ હેડ કોન્સ્ટેબલ જીતેન્ભાઈ, ધર્મેશભાઈ, ભોજાભાઈ, મથુરભાઈ સહિતનો સ્ટાફ જસદણના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે વીછિંયાના ઓરી રોડ પર વોંચ ગોઠવી હતી. જે દરમિયાન મોટામાત્રા ગામનો બુટલેગર ઈશ્વર ઉર્ફે ઈસો ભગવાન બાવળીયા નામનો શખ્સ ઈનોવા કાર નં.જીજે૧૮ બીજે૯૪૦૮ લઈ શંકાસ્પદ લઈ નીકળતા પોલીસે તેનો પીછો કરી ઓરી રોડ પર મોટામાત્રા ગામના પાટીયા પાસે અટકાવી કારની તલાશી લેતા વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ ૨૧૯૨ કિંમત રૂ.૧.૮૪ લાખ તથા બિયર નંગ ૨૧૬ મળી કુલ રૂપિયા ૧૨ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# થોરાળા સહિત અનેક પોલીસ સ્ટેશનના દારૂના ગુનામાં નાસતો ફરતો હીંમતનગરનો બુટલેગર ઝડપાયો

## બુટલેગર ૧૦.૨૭ લાખના જુદા જુદા દારૂના ગુનામાં નાસતો ફરતો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

થોરાળા પોલીસ સહિતના દારૂના જુદા જુદા ગુનામાં ૨૦૨૨ના વર્ષથી નાસતા ફરતા આરોપીતને શહેર ક્રાઈમ બ્રાંચ પોલીસે હિંમતનગરથી દબોચી ધોરણસરની કાર્યવાહી કરી છે.

પીઆઈ એમ.આર.ગોંડલિયા સહિતની ટીમ વણઉકેલાયેલા ગુના શોધવા કાર્યરત હતા.દરમિયાન પીએસઆઈ ડી.સી. સાકરિયા સહિતની ટીમ બાતમીના આધારે રાજસ્થાન



તપાસમાં ગઈ ત્યારે એએસઆઈ રણજીતસિંહ પઢારીયા અને હેડ કોન્સ્ટેબલ સંજય દાફડા વિગેરેને બાતમી મળી હતી કે જાવેદ ભીખા શેખ નામનો શખ્સ હિંમતનગર ખાતે આરટીઓ પાછળ ચિસ્તીયા નગરમાં મોલની પાછળ રહે છે.બાતમીના આધારે પોલીસે ત્યાં પહોચીને જાવેદને હિંમતનગર ચોકડી પાસેથી પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સિવિલના ગેઈટ પાસે મહિલા સહિત પાંચ શખ્સોએ યુવાને મારમારી લૂંટી લીધાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુળ ગોંડલના વેકરી ગામનો વતની અને હાલ રાજકોટમાં ફુટપાથ પર રહેતો વિજય વિરાભાઈ રાઠોડ નામનો ૩૫ વર્ષનો યુવાન રાત્રિના એકાદ વાગ્યાના અરસામાં સિવિલ હોસ્પિટલના ગેઈટ પાસે હતો ત્યારે ચાર અજાણી મહિલા અને એક પુરૂષે ઝઘડો કરી માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતાં તાત્કાલીક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. યુવકની પ્રાથમિક પુછપરછમાં અજાણ્યા શખ્સોએ માર મારી તેની પાસે રહેલ રૂ.૧૪ હજારની રોકડની લુંટ ચલાવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં જામનગર રોડ પર



ઘંટેશ્વર પચ્ચીસ વારીયામાં રહેતી ખુશીબેન રાજુભાઈ વઢીયારા નામની ૧૭ વર્ષની સગીરા આકાશની રીક્ષામાં બેસીને જઈ રહી હતી ત્યારે શેઠનગર પાસે પહોંચતાં ખુશીબેન વઢીયારા ચાલુ રીક્ષામાંથી અકસ્માતે નીચે પટકાઈ હતી. ગંભીર રીતે ઘવાયેલી સગીરને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ઉપરોક્ત બન્ને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના નવા બસ પોર્ટમાં પોરબંદરના યુવાનનો આપઘાતનો પ્રયાસ

## ૧૫ દિવસ પહેલાં ઘરેથી નીકળી ગયા બાદ સુરત, અમદાવાદ અને રાજકોટમાં નોકરી શોધતો હતો પરંતુ નોકરી નહી મળતાં બિમારીના ટીકડાં ખાઈ લીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોરબંદરમાં ઠકરાર હોસ્પિટલની પાછળ પેરેડાઈઝ સિનેમા પાસે રહેતા મનિષ જેન્તીભાઈ નાનઠા (ઉ.૪૨) નામના યુવાને રાજકોટ એસ.ટી. બસપોર્ટ અંદર બિમારીના ટીકડા ખાઈ લેતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી એ ડીવીઝન પોલીસને જાણ કરતાં પોલીસે હોસ્પિટલે દોડી જઈ પુછપરછ હાથ ધરી હતી.



પ્રાથમિક તપાસમાં આપઘાતનો પ્રયાસ કરનાર મનિષ બે ભાઈ એક બહેનમાં નાનો અને બારીના પડદાની દુકાન ધરાવે છે તેણે અલગ અલગ શખ્સો પાસેથી રૂ.૮૦ હજાર વ્યાજે લીધા હતાં. જેથી વ્યાજખોરો નાણાની ઉઘરાણી કરી હેરાનગતિ કરતાં હોવાથી તે ગત તા.૮–૫નાં રોજ ઘરેથી નીકળી ગયો હતો અને સુરત, અમદાવાદ અને રાજકોટમાં અલગ અલગ જગ્યાએ નોકરીની તલાસ કરતો હતો પરંતુ નોકરી ન મળતાં તેણે કંટાળી જઈ એસ.ટી.બસપોર્ટમાં જઈ બિમારીના ટીકડા ખાઈ લીધા હોવાનું જણાવ્યું હતું.